ડિસેમ્બર ૨૦૦૯ દાદા ભગવાન પરિવારનું કિંમત રૂ. ૧૨/-

અક્રમ એક્સપ્રેસ



કોઈને દુઃખ દેવાય?

અક્રમ એક્સપ્રેસ

કોઈને દુઃખ દેવાય ?

બાળમિત્રો,

આપણે હાલતા ને ચાલતા મનથી, વાણીથી અથવા વર્તનથી કોઈને ને કોઈને દુઃખ આપી દેતા જ હોઈએ છીએ. ખોટું છે એવું સમજવા છતાં આપણે એ અટકાવી શકતા નથી. શા માટે આવું થતું હશે? જરૂર છે એના જોખમો જાણવાની. જોખમો જાણવાથી અવળા વિચારો, વાણી અને વર્તન ઓછા થતાં થતાં બંધ થઈ જશે.

આ અંકમાં પરમ પૂજ્ય દાદાભગવાને દુઃખ દેવાના જોખમો અને દુઃખ દેવાઈ જાય તો એમાંથી કેવી રીતે પાછા ફરવું એની સુંદર સમજણ આપી છે.

તો ચાલો, આપણે પણ આ જોખમોને સમજીએ અને બીજાને દુઃખ દેતા અટકીએ.

ડિમ્પલ મહેતા.

અનુક્રમણિકા

દાદાજી કહે છે.................................... ૧
એક અનોખી યુક્તિ................................ ૨
આ તો નવી જ વાત!............................... ૪
જગત વાવ સ્વરૂપ.................................. ૬
તમારી જાતને ચકાસી જુઓ!..........................૯
ઐતિહાસિક ગૌરવગાથાઓ......................... ૧૦
ચાલો રમીએ...૧૨
બાળકો સાથે પૂજ્યશ્રી.............................. ૧૩
મીઠી યાદેં.. ૧૪
પઝલના જવાબો/મારી સમજણ..................... ૧૬
બેબી,લીટલ અને યંગ એમ.એચ.ટીની
સીમંધર સીટીમાં થયેલીવાર્ષિક મિટીંગની ઝલક......... ૧૭

તંત્રી તથા સંપાદક :
ડિમ્પલ મહેતા
વર્ષ : ૨, અંક : ૪
સળંગ અંક : ૧૬
ડિસેમ્બર ૨૦૦૯

સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org

અમદાવાદ: (૦૭૯)
૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯
રાજકોટ ત્રિમંદિર : ૯૨૭૪૧૧૧૩૯૩
વડોદરા : (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
મુંબઈ : ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
U.S.A.: ૭૮૫-૨૭૧-૦૮૬૯
U.K.: ૦૭૯૫૬૪૭૬૨૫૩
Website: kids.dadabhagwan.org

Publisher,Editor & Printed, Published from Dimple Mehta on behalf of Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Print at:-
Amba Offset
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

દાદાજી કહે છે...

આ જગતમાં તમે કોઈને દુઃખ દેશો, તો તેનો પડઘો (અસર) તમને પડ્યા વગર રહેશે નહીં. જેમ વાવમાં તમે બોલો કે 'તું ચોર છે' તો વાવ સામી બોલશે કે 'તું ચોર છે, તું ચોર છે.' જો તમે બોલો, 'તું રાજા છે' તો વાવ પણ કહેશે 'તું રાજા છે, તું રાજા છે.' આમ જગત વાવ સ્વરૂપ છે. જ્યાં સુધી તમારા નિમિત્તે કોઈને સહેજ પણ દુઃખ થાય છે, તો એની અસર તમારી ઉપર જ પડવાની. અને એ હિસાબ તમારે પૂરો કરવો પડશે, માટે ચેતો. ઊંધું ચાલતું હોય તો કહેવાનો વાંધો નથી પણ એવું કહો કે એને દુઃખ ના પડે. આપણે નક્કી કરી નાખવાનું કે કોઈને કિંચિતમાત્ર દુઃખ દેવું નથી.

સાચો માનવધર્મ એ જ છે કે કોઈ પણ જીવને કિંચિતમાત્ર દુઃખ ન આપવું જોઈએ. કોઈ આપણને દુઃખ આપે એ એની પાશવતા છે. જો મનુષ્ય રહેવું હોય તો એની સામે આપણે પાશવતા ન કરવી જોઈએ. દા.ત. કોઈ આપણને ગાળ આપે તો આપણે સામે ગાળ ન અપાય. આપણે છોડી દેવાનું.

માટે હવે આપણે કોઈને દુઃખ ના થાય, જાનવરને, નાના જીવડાંને પણ દુઃખ ના થાય એવી રીતે વર્તન રાખવું. આમ આપણે ભગવાનનું નામ લઈએ છીએ અને જેની અંદર ભગવાન રહ્યા છે એને માર માર કરીએ છીએ. દરેક જીવ માત્રમાં ભગવાન બિરાજેલા છે, કોને દુઃખ દેશો ?

દાદાશ્રી : કોઈને દુઃખ દેવાની ઈચ્છા તને થતી નથી ને હવે ?

પ્રશ્નકર્તા : કોઈ વાર દેવાઈ જાય.

દાદાશ્રી : દુઃખ દેવાઈ જાય તો શું કરો ?

પ્રશ્નકર્તા : પ્રતિક્રમણ.

દાદાશ્રી : પ્રતિક્રમણ કર્યું એટલે પછી કોર્ટમાં કેસ નહીં ચાલે. 'ભાઈ, તારી માફી માંગીએ છીએ.' એમ કરીને નિકાલ કરી નાખ્યો.

પ્રશ્નકર્તા : કોઈને દુઃખ થાય એવી વાણી નીકળી ગઈ ને તેનું પ્રતિક્રમણ ન કરીએ તો શું થાય ?

દાદાશ્રી : એવી વાણી નીકળી ગઈ તો એનાથી સામાને ઘા લાગે. એટલે પેલાને દુઃખ થાય. એ આપણને કેમ પસંદ પડે ?

પ્રશ્નકર્તા : એનાથી બંધન થાય ?

દાદાશ્રી : આ કાયદાથી વિરુદ્ધ કહેવાયને ! મોક્ષે જવું હોય તો એની જોડે પ્રતિક્રમણ કરો, નહીં તો વેર બંધાશે.

એક અનોખી યુક્તિ

નાનકડો ધૈર્ય હંમેશા બધાની સાથે મારામારી કરતો. બીજાની સામે ગમે તેમ બોલતો, બદલો લેતો. આમ એનાથી કોઈને ને કોઈને દુઃખ થતું. બધાને એના માટે ફરિયાદ રહેતી. એના પપ્પા એને આવું ન કરવા બાબત ઘણી વાર સમજાવતા. પણ ધૈર્ય એવું જ કહી છૂટી જતો કે આને કંઈ દુઃખ આપ્યું કહેવાય? મને ખબર જ નથી.

એક દિવસ એના પપ્પાએ એને એક લાકડુ અને કોથળી ભરીને ખીલીઓ આપી કહ્યું, ''ધૈર્ય, આજથી તું જેટલી વાર બીજાને દુઃખ આપે એટલી વાર તારે આમાંથી એક ખીલી કાઢી લાકડામાં ઠોકવાની.'' ધૈર્યએ કૂતુહલતાથી પૂછ્યું, ''આનાથી શું થશે ?'' એના પપ્પાએ જવાબ આપ્યો, ''એ તું જાતે જ અનુભવ કરજે.''

બીજે દિવસો ધૈર્ય એની બહેનને 'ઠીંગુ...ઠીંગુ...' કહી ચીડવતો હતો. આ સાંભળી એના પપ્પાએ ધૈર્યને બોલાવી કહ્યું, ''બેટા, કોઈને ચીડવવું એ દુઃખ આપ્યું કહેવાય.'' ''અચ્છા !'' ધૈર્યએ આશ્ચર્ય સાથે કહ્યું. તરત એ ગયો અને લાકડામાં એક ખીલી ઠોકી આવ્યો.

એક વાર એ ભાવતું જમવાનું ન બનાવી આપવા બદલ એની મમ્મીથી રિસાઈ ગયો. એણે રાત્રે પપ્પાને આ બનાવની વાત કરી. એના પપ્પાએ કહ્યું, ''અરે ! આને તો મમ્મીને દુઃખ આપ્યું કહેવાય.'' ધૈર્યએ પૂછ્યું, ''કેવી રીતે ?''

પપ્પાએ કહ્યું, ''તું રિસાઈને જમે નહીં તો મમ્મીને કેટલું દુઃખ થાય ?'' ધૈર્ય ફરી એક ખીલી લાકડામાં ઠોકી આવ્યો.

એક દિવસ એના ફ્રેન્ડે એની નવી પેન એને પૂછ્યા વગર લખવા લીધી. એમાં તો ધૈર્ય એટલો બધો ગુસ્સે થઈ ગયો કે એણે એનો કંપાસ લઈને બારીની બહાર ફેંકી દીધો. ટીચરે જ્યારે આ ફરિયાદ એના પપ્પાને કરી ત્યારે એના પપ્પાએ એને ફરી સમજાવ્યું કે, આવું કરીને તે તારા મિત્રને દુઃખ આપ્યું છે. ટીચરે પપ્પાને ફરિયાદ કરી એ ધૈર્યને જરાય ગમ્યું નહીં. એ મનમાં જ ટીચરને ગાળો આપવા લાગ્યો. એના પપ્પા સમજી ગયા કે ધૈર્ય ટીચર માટે ઊંધુ વિચારી રહ્યો છે. પપ્પાએ તરત કહ્યું, ''ધૈર્ય, કોઈનું નેગેટિવ જોવું એ દુઃખ આપ્યા બરાબર જ છે.'' ધૈર્યએ એ

દિવસે બે ખીલીઓ લાકડામાં ઠોકી. આમ ખોટું બોલવા પર, પોતાની પાસે હોવા છતાં બીજાનું લઈ લેવા પર, પોતાની આવડત પર અભિમાન કરવા પર, ઈર્ષ્યા કરવા પર, સ્પર્ધા કરવા પર એના પપ્પા એને જરૂરથી ટોકતા. ધૈર્ય પણ એના પપ્પાનું માનતો અને દરેક વાર લાકડામાં જઈ ખીલીઓ ઠોકી આવતો.

આમ કરતાં કરતાં એને ખ્યાલ આવવા લાગ્યો કે દુઃખ આપ્યું કોને કહેવાય. જેમ જેમ એને ખબર પડવા લાગી એમ એમ એનાથી બીજાને દુઃખ આપવાનું ઓછું થવા લાગ્યું. આમેય એ હવે ખીલીઓ ઠોકી ઠોકીને કંટાળ્યો હતો. આમ કરતાં કરતાં એક દિવસ એવો આવ્યો કે એનાથી બીજાને દુઃખ આપવાનું અટકી ગયું. એ ખૂબ ખુશ હતો. એના પપ્પા પણ રાજી હતા.

એણે એના પપ્પાને કહ્યું, ‘‘પપ્પા, હવે તો હું કોઈને દુઃખ આપતો નથી, તો આ લાકડાનું શું કરું?'' પપ્પાએ પ્રેમથી કહ્યું, ‘‘હવે એમાંથી બધી ખીલીઓ કાઢી નાખ.'' ધૈર્યને હજી પણ નહોતું સમજાઈ રહ્યું કે એના પપ્પા એની પાસે શું કરાવી રહ્યાં છે અને આવું કરાવીને એને શું સમજાવવા માંગે છે. પણ છતાં, એ એના પપ્પા જેમ કહે એમ કર્યે જતો હતો. બધી ખીલીઓ ખેંચી કાઢ્યા પછી એ પપ્પાને બતાવવા ગયો, ‘‘પપ્પા, જુઓ બધી ખીલીઓ ખેંચી કાઢી છે.'' પપ્પા બોલ્યા, ‘‘સરસ. પણ જો તો ખરા. લાકડામાં કેટલા કાણા પડી ગયા છે ? હવે આ કાણા પૂરવા હોય અને પહેલા જેવું લાકડું જોઈતું હોય તો શું કરીશ?'' ધૈર્યએ કહ્યું, ‘‘ખૂબ મહેનત કરી લાપી-ભૂસું ભરી એક-એક કાણાં પૂરવા પડે.'' પપ્પાએ તક ઝડપી લેતા કહ્યું, ‘‘હા, એવી જ રીતે જ્યારે આપણાથી કોઈને દુઃખ થઈ જાય ત્યારે એને ઘા વાગી જાય છે. જે એમને એમ જલ્દી રૂઝાતા નથી.''

ધૈર્યને સમજાયું કે અત્યાર સુધી એનાથી બધાને કેટલા ઘા વાગી ગયા છે ! ધૈર્યએ પૂછ્યું,



‘‘પપ્પા, આનો કોઈ તો ઉપાય હશે ને ?''

પપ્પાએ કહ્યું, ‘‘પ્રતિક્રમણ. દિલથી માફી માગી લેવાથી બધા ઘા રૂઝાઈ જાય છે.''

ધૈર્યને સમજાઈ ગયું કે બીજાને દુઃખ આપવું કેટલું જોખમવાળું છે. એ દિવસથી એણે નક્કી કર્યુ કે એ ક્યારેય કોઈને દુઃખ નહીં આપે.

આ તો નવી જ વાત !

જેમ આપણી મીઠાઈની દુકાન
હોય તો આપણે મીઠાઈ લેવા બીજે
ન જવું પડે એમ આપણે સુખની દુકાન
ખોલીએ તો સુખ માટે આપણે
બીજે ફાંફાં ન મારવા પડે.

ક્રોધથી-બીજા પર ગુસ્સો કરીને,
માનથી-બીજાને હલકા ગણીને,
માયાથી-બીજા સાથે કપટ કરીને અને
લોભથી-બીજાને ઓછું અને મને જ
વધુ મળે-આપણે બીજાને દુઃખ
આપીએ છીએ, જેનું પરિણામ
અધોગતિ આવે છે.

જે એવી ભાવનામાં રહે છે કે
મારા મનથી, વાણીથી કોઈને
કિંચિતમાત્ર દુ:ખ ન હો એ
મોટામાં મોટો અહિંસક ગણાય.
અજાણતા કોઈને દુ:ખ દેવાઈ ગયું
તો ય એનું ફળ તો ભોગવવું જ
પડે. દા.ત. અજાણતા અગ્નિમાં
હાથ પડી જાય તો અગ્નિ છોડી
દે? દઝાડે જ ને !
૫
અક્રમ એક્સપ્રેસ
ડિસેમ્બર ૨૦૦૯


જગત વાવ સ્વરૂપ
એક રાજા હતો. એ ખૂબ ક્રૂર અને અન્યાયી હતો. તેથી એની પ્રજા ખૂબ દુઃખી હતી.
એક દિવસ
સૈનિક (ઘોષણા કરતો)
રાજાએ નક્કી કર્યુ છે કે આજથી રાજ્યમાં કોઈને અન્યાય નહીં થાય. કોઈને મુશ્કેલી નહીં પડે. મહારાજાની જય હો !
રાજાએ એમનું વચન પાળ્યું. ધીમે ધીમે એ એક આદર્શ રાજા તરીકે જાણીતા થઈ ગયા.
આ પરિવર્તનથી બધા ખૂબ આશ્ચર્યચકિત હતા. એક દિવસ,
મહારાજાની જય હો ! આપનાથી પ્રજા અત્યંત ખુશ અને સંતુષ્ટ છે. આપનામાં થયેલ હૃદય પરિવર્તનનું કારણ હું જાણી શકું ?


એક દિવસ હું શિકાર કરવા ગયો હતો. ત્યાં મેં એક જંગલી કૂતરાને શિયાળને બટકા ભરતા જોયું. બટકા ભરીને એણે શિયાળનો પગ તોડી નાખ્યો.
પછી મેં એ કૂતરાને ગામમાં એક માણસ સામે ભસતા જોયો. માણસે એક મોટો પથ્થર એના પર ફેંકી એનો પગ ભાંગી નાખ્યો.
એ માણસ થોડે જ દૂર ગયો ત્યાં એક ઘોડાએ એને જોરથી લાત મારી. એનો ઘૂંટણ ભાંગી ગયો.
ઘોડો દોડતા દોડતા એક ખાડામાં પડી ગયો અને એનો પગ ભાંગી ગયો.


આ જોઈને મને વિચાર આવ્યો, 'ખરાબ કામનું પરિણામ ખરાબ જ આવે છે. જો હું મારી ક્રૂરતા ચાલુ જ રાખીશ તો મારે પણ ક્રૂર પરિણામોના ભોગ બનવું પડશે. આમ વિચારી મેં આદર્શ જીવન જીવવાનું નક્કી કર્યુ.'
હવે રાજા પર ચડાઈ કરવાનો સમય આવી ગયો છે. કારણ કે રાજા કોઈ ઊંધું પગલું નહીં ભરે અને આપણે જીતી જઈશું.
ત્યાં તો... મંત્રી વિચારમાં હોવાથી પગથિયા જોઈ શકતો નથી અને પડી જાય છે અને એનું ગળું મરડાઈ જાય છે.
ઓહ ! મારી ડોક મરડાઈ ગઈ.
જોયું મિત્રો, આ જગત વાવ જેવું છે. એમાં તમે જેવું બોલશો, એવું જ તમને સામું આવશે. તમે બીજાને દુઃખ આપશો તો તમને પણ સામું દુઃખ જ આવશે. માટે, આપણે જેવા વર્તનની ઈચ્છા બીજા પાસેથી રાખતા હોઈએ એવું જ વર્તન બીજા સાથે કરવું જોઈએ.

તમારી જાતને ચકાસી જુઓ!

મિત્રો, અત્યાર સુધીમાં આપણે એ તો સમજી ગયા છીએ કે 'બીજાને દુઃખ આપવાથી આપણને કોઈ ફાયદો થતો નથી.' તો ચાલો જોઈએ, આપણે જે સમજ્યા છીએ તે આપણે આપણા જીવનમાં ઉતારી શકીએ છીએ કે નહીં ? શું આમાંથી આપણી સાથે ક્યારેય કોઈ પ્રસંગ બન્યો છે ? હવે પછી આપણે બીજાને દુઃખ નહીં આપીએ એની માટે આપણે શું કરીશું ? અહીં આપેલ, દરેક પ્રસંગોમાં તમને જે સમજણ યોગ્ય લાગે તેની પસંદગી કરો.

પ્રસંગ-૧

તમારી બહેને સ્કુલના પ્રોજેક્ટ માટે વાર્તા લખી છે જે લખવામાં એને ઘણો સમય ગયો છે. એણે તમને વાર્તા વાંચવા આપી ત્યારે તમને ખ્યાલ આવે છે કે એ વાર્તામાં ખૂબ જ ભૂલો છે. તમે શું કરશો?

૧) હું એને કહીશ કે તને ઓછા માર્ક મળવાના છે, કારણકે બહુ બધી ભૂલો છે.
૨) હું કહીશ કે હજી વધારે વિચારીને લખ, કારણકે ભૂલો ખૂબ છે.
૩) હું કહીશ કે વાર્તા સરસ છે અને મને ગમી છે. પછી હું પૂછીશ કે જો તને વાંધો ના હોય તો હું થોડુંક બદલી શકું? અને જો એ હા પાડે તો એને એની ભૂલ એવી રીતે બતાવીશ કે એને ખરાબ ના લાગે.

પ્રસંગ-૨

તમે ખૂબ જ વ્યસ્ત છો અને તમારા મિત્રે તમને ગણિતમાં મદદ કરવા માટે ફોન કર્યો છે. તમને ધ્યાનમાં જ છે કે તમારી પાસે એને મદદ કરવા માટેનો સમય નથી પરંતુ તમે એ પણ જાણો છો કે એનું ગણિત નબળું છે. તમે શું કરશો?

૧) હું કહીશ, "માફ કરજે, હું તને મદદ નહીં કરી શકું, કારણકે હું વ્યસ્ત છું. બીજી વાર તું એક દિવસ પહેલાથી જાણ કરીને પૂછી લેજે."
૨) મારા મમ્મી-પપ્પાને પૂછીને હું મારું થોડું કામ આવતી કાલે કરીશ, જેથી કરીને હું આજે મારા મિત્રને મદદ કરી શકું. અને પછી હું મારા મમ્મીને આપેલું વચન પણ પૂરું કરીશ, જેથી કરીને એ લોકોને પણ દુઃખ ના થાય.
૩) હું કહીશ કે આવતી કાલે સરને પૂછી લેજે.

પ્રસંગ-૩

તમારો મિત્ર તમારાથી ગુસ્સે છે, કારણ તમે એને જન્મદિવસની શુભેચ્છા આપવાનું ભૂલી ગયા. પરંતુ એ પણ તમારો જન્મદિવસ ભૂલી ગયો હતો.

૧) હું એને કહીશ કે તું પણ મારો જન્મદિવસ ભૂલી ગયો'તો ત્યારે હું કાંઈ ગુસ્સે નહોતો થયો. તો તારે પણ મારાથી ગુસ્સે ના થવું જોઈએ.
૨) હું એને બેધ્યાન કરીશ અને એની સાથે વાત નહીં કરું.
૩) હું વિચારીશ, મેં એને દુઃખ આપ્યું છે. મારે માફી માંગવી જોઈએ. ભલેને એને યાદ નથી કે એ મારો જન્મદિવસ ભૂલી ગયો'તો. મારા ખોટા અહંકાર કરતાં એની લાગણીઓ ન દુભાય એ મારા માટે વધારે મહત્ત્વનું છે.



ઐતિહાસિક ગૌરવગાથાઓ

મગધ દેશના વાણિજ્યગ્રામ નામના નગરમાં આનંદ શ્રાવક નામનો ગૃહસ્થ રહેતો હતો. તે ઘણો ધનવાન હતો. તેની ચાર કરોડ સોનામહોરો જમીનમાં દાટેલી હતી, ચાર કરોડ વેપારમાં રોકાયેલી હતી અને ચાર કરોડ ઘરવખરીમાં રોકાયેલી હતી. ઉપરાંત તેને ત્યાં ૪૦ હજાર ગાયોનાં ચાર ગોકુળ હતા. તે ઘણો બુદ્ધિમાન અને વ્યવહારકુશળ હતો. તેથી સૌ કોઈ તેની સલાહ લેતું. તેને શિવનંદા નામની સ્વરૂપવાન પત્ની હતી. ૭૦ વર્ષની તેની ઉંમર થઈ ત્યાં સુધી તે વીતરાગ ધર્મ વિશે અજાણ હતો. તેવામાં એક દિવસ ભગવાન મહાવીર તે ગામમાં પધાર્યા. હજારો લોકો પ્રભુની દેશના સાંભળવા જતાં હતા. તે પણ પ્રભુની દેશના સાંભળવા ગયો. પ્રભુએ શ્રાવક (ભગવાનની આજ્ઞા મુજબ વીતરાગ ધર્મ પાળનાર અને જીવન ગાળનાર) અને સાધુ વિષે ઘણી વાતો કરી.

આનંદને જીજ્ઞાસા જાગી. પ્રભુ પાસે તેણે સમજપૂર્વક વ્રત અંગીકાર કરી શ્રાવકધર્મ સ્વીકાર કર્યો. આ વાત તેણે તેની પત્નીને કરી અને તેની પત્નીને પણ તેમ કરવા કહ્યું. તેમની પત્ની શિવનંદાએ પણ પ્રભુ પાસે જઈ શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો. બન્ને પતિ-પત્ની સુંદર રીતે શ્રાવકધર્મનું પાલન કરતાં કરતાં સમય વિતાવવા લાગ્યા.

કેટલોક કાળ વિત્યા પછી આનંદને ઉગ્ર તપશ્ચર્યા કરવાનો ભાવ થયો. તેણે સગા-સબંધીઓને ભેગા કરી, જમાડી, તેમની હાજરીમાં ગૃહકાર્યનો ભાર મોટા પુત્રને સોંપી આકરું તપ કરવા લાગ્યા. તે કરતાં કરતાં તેમને અવધિજ્ઞાન (જે જ્ઞાન વડે તેઓ અમુક અંતર સુધીનું જોઈ શકે) થયું. તે વડે તેઓએ ચારે દિશામાં અમુક અંતર સુધી જોયું. ઉપરાંત, ઊંચે સૌધર્મ દેવલોક (દેવલોકનું નામ) અને નીચે



રત્નપ્રભા નરક (નરકનું નામ) પણ જોઈ. આ જોઈ તેઓ ખૂબ પ્રસન્ન થયા. તેમને પ્રભુ મહાવીરના દર્શનની ખૂબ ઈચ્છા થઈ.

ભાગ્યવશાત્ પ્રભુ મહાવીર તે જ ગામમાં પધાર્યા. ગૌતમ સ્વામી ગોચરી લેવા (આહાર લેવા) નીકળ્યા. લોકોને મોઢે આનંદના અવધિજ્ઞાનની વાત સાંભળી. આ સાંભળી ગૌતમ સ્વામી આનંદની પૌષધશાળામાં (તપ કરવાની જગ્યા) ગયા. ગૌતમ સ્વામીને આવતા જોઈ આનંદે વિધિપૂર્વક વંદન કર્યાં અને વિવેકથી પૂછ્યું, ''મહારાજ ! શ્રાવકને સંસારમાં રહીને અવધિજ્ઞાન થાય?''

શ્રી ગૌતમ સ્વામીએ જવાબ આપ્યો, 'હા, થાય.' આનંદે કહ્યું, ''પ્રભુ! મને તે જ્ઞાન થયું છે.'' આ સાંભળી ગૌતમ સ્વામી સંશયમાં પડ્યા. તેમણે કહ્યું, ''આનંદ! એક શ્રાવકથી એટલું દેખી શકાય નહીં. માટે તમે આ જુઠું બોલ્યાનો પશ્ચાતાપ કરો.''

આનંદે વિચાર્યું,' આ મારા ગુરુ છે, આ વખતે તેઓ ભૂલ ખાય છે, પણ તેમને, 'તમે ભૂલ ખાઓ છો' એમ કહેવું યોગ્ય નથી. ગુરુ છે માટે શાંતિથી કહેવું યોગ્ય છે.' એમ વિચારી આનંદે કહ્યું, ''મહારાજ ! સત્યનું પ્રાયશ્ચિત લેવાનું હોય કે અસત્યનું?'' ગૌતમ સ્વામીએ કહ્યું કે, ''અસત્યનું.'' આનંદે કહ્યું, ''તો મારે પ્રાયશ્ચિત લેવાની જરૂર નથી.'' આ સાંભળી ગૌતમ સ્વામી ચાલ્યા ગયા. મહાવીર સ્વામી પાસે જઈને બધી હકીકત કહી. મહાવીર સ્વામીએ કહ્યું, ''હે ગૌતમ! આનંદનું કથન સત્ય છે. તમારી ભૂલ છે. માટે તમે આનંદ પાસે જઈ ક્ષમાપના લો.''

આ સાંભળતા જ તેઓ તરત આનંદ શ્રાવક પાસે ગયા અને પોતાની ભૂલની માફી માંગી.

જોયું મિત્રો, ગૌતમ સ્વામીનો પ્રભુ મહાવીર માટેનો પરમ વિનય કેવો ઉત્કૃષ્ટ (ઊંચામાં ઊંચો) હતો. પ્રભુના કહેવાથી જરા પણ બુદ્ધિ ચલાવ્યા વિના તેઓ તરત જ આનંદ શ્રાવક પાસે ભૂલ કબૂલ કરવા ગયા. અને કેટલો લઘુતમ ભાવ કે ગણધર પદ (મુખ્ય શિષ્ય) હોવા છતાં વિલંબ કર્યા વિના કે સંકોચ પામ્યા વિના તેમણે તરત જ પોતાની ભૂલની આનંદ શ્રાવક પાસે માફી માંગી. પોતાની ભૂલ માટે તેઓ કેટલા જાગૃત હતા!

આ બાજુ આનંદ શ્રાવકનો પણ ગુરુ પ્રત્યેનો વિનય ગજબનો હતો કે પોતાની સત્ય વાતને નકારવા છતાં તેઓ ગુરુનો વિનય ચૂકતા નથી.



ચાલો રમીએ

૧

ખાલી ચોકઠામાં આંકડા પૂરવાના છે. આંકડા ૨ અને ૮ ની વચ્ચેના હોવા જોઈએ.ઊભી, આડી અને બે ત્રાંસી હરોળ્ળનો સરવાળો નીચે અને જમણી બાજુ પર આપ્યો છે એ મુજબ આવવો જોઈએ.

					૨૯
	૮		૨	૮	૨૪
	૮	૫	૩	૪	૨૫
૨		૪	૩	૪	૧૬
૫	૬	૭			૨૨
૮		૩		૨	૨૩
૨૪	૩૧	૨૧	૧૪	૨૦	૨૦



૨

બાજુમાં આપેલ ગોળ આકારની અંદર લાલ, પીળો અને વાદળી રંગ એવી રીતે પૂરો કે જેથી બાજુ બાજુના બે ગોળ્ળ આકારમાં એક સરખો રંગ ના આવે.



3

ચોરસ A ના સફેદ ભાગને ૨ સરખા ભાગમાં વહેંચો.
ચોરસ B ના સફેદ ભાગને ૩ સરખા ભાગમાં વહેંચો.
ચોરસ C ના સફેદ ભાગને ૪ સરખા ભાગમાં વહેંચો.
ચોરસ D ના સફેદ ભાગને ૭ સરખા ભાગમાં વહેંચો.

બાળકો સાથે પૂજ્યશ્રી

પ્રશ્નકર્તા : ઘરના લોકોને જ્યારે દુઃખ થાય છે ત્યારે હું ખુશ થાઉં છું. તો આ દોષ કઈ રીતે જાય ?

પૂજ્યશ્રી : એને પાશવી આનંદ કહેવાય છે. કોઈને દુઃખ થાય એ કેમ ગમે ? દુશ્મનને ય દુઃખ થતું હોય તો ખુશ થવું ના જોઈએ. દુશ્મન જેવી વસ્તુ જ ક્યાં છે. આ તો આપણને માન આપે એને આપણે મિત્ર માનીએ છીએ, અને અપમાન કરે એને દુશ્મન માનીએ છીએ. અને ખરેખર તો આપણા કર્મો ધોવા માટે, આપણે મોક્ષે જવું હોય તો, આપણા ઉપકારી છે આ લોકો. એટલે આપણે દુશ્મન જેવું તો રખાય જ નહી. અને છતાંય આપણને કોઈ પણ માણસ ના ગમતો હોય અને એને દુઃખ થતું હોય તો આપણને એવું થવું જોઈએ કે એની અંદર પણ મારા જેવો જ આત્મા છે. બિચારાને કેટલી મુશ્કેલી પડે છે ! એટલે આપણે પસ્તાવો લેવો જોઈએ કે આ ખોટું થઈ રહ્યું છે, આવું ના હોવું જોઈએ મારે ખુશ ના થવું જોઈએ. અને આપણે આપણી જાતને કહેવાનું કે શરમ નથી આવતી? કોઈકને દુઃખ થાય ને આપણે સુખી થઈએ છીએ, તને આટલું દુઃખ પડે તો, શું થાય તારું?પછી બે મિનિટ પ્રતિક્રમણ કરાવવાના એટલે એટલું ઓછું થતું જાય.

પ્રશ્નકર્તા : વૃક્ષમાં શુદ્ધાત્મા હોય છે ? જો હોય તો મારાથી પરમ દિવસે એક નાનું વૃક્ષ તૂટી ગયું. તો કર્મ બંધાય ?

પૂજ્યશ્રી : ના પ્રતિક્રમણ કરી લેવાનું. કારણ કે એ વૃક્ષમાં શુદ્ધાત્મા હોય ખરા, પણ મનુષ્યોને દુઃખ આપો અને વૃક્ષને દુઃખ આપો એમાં ફેર. વૃક્ષ તમારાથી કપાઈ ગયું કે તૂટી ગયું એનું તમને દસ રૂપિયા જેવું નુકસાન થાય અને કોઈ માણસને દુઃખ આપો તો હજાર રૂપિયાનું નુકસાન થાય. એટલે આપણે ભાવના શું રાખવી જોઈએ કે કોઈને દુઃખ નથી આપવું, અને જો અપાય જાય તો માફી માંગી લેવાની કે 'હે અંદર બેઠેલા શુદ્ધાત્મા ભગવાન, આ ભૂલ થઈ, માફી માંગુ છું. મારી કોઈ ઈચ્છા હતી નહીં પણ થઈ ગયું માટે માફ કરજો અને આવી ભૂલ ફરી ના કરું એવી મને શક્તિઓ આપો. તો ધોવાઈ જશે.

મીઠી યાદેં

જાત્રાનો પ્રસંગ છે. એક બ્રહ્મચારી ભાઈ જાત્રાની તૈયારી કરતો હતો. શરૂઆતમાં એ મહાત્માઓ સાથે રહીને કામ કરતો હતો. પાછળથી એ બધું એકલો જ પતાવવા લાગ્યો. તેથી એક કાકા જે શરૂઆતમાં થોડો વખત એની સાથે હતા, એમને દુઃખ થઈ ગયું. કારણ કે પાછળથી ક્યાંય એમને ઈન્વોલ્વ ના કરાયા (ગણ્યા નહીં). તેથી એમને દુઃખ થયા કરતું'તું. હવે પેલા ભાઈને કંઈ ખબર જ નહોતી. એ તો એમની રીતે એક પછી એક જાત્રાના કામોમાં પડેલા. પાછળથી નીરુમાને વાતની જાણ થઈ. નીરુમાએ બ્રહ્મચારી ભાઈને પૂછ્યું કે આવું કાંઈ થયું છે ? બ્રહ્મચારી ભાઈએ કહ્યું, 'નીરુમા, આમ તો મેં એવું કંઈ કર્યુ નથી પણ હું મારા કામમાં હતો એટલે એમને બોલાવું કે એમને સાથે રાખું એવું કંઈ કર્યુ નથી. હું મારી રીતે જ કરતો'તો. નીરુમા કહે, 'એમને બિચારાને બહુ દુઃખ થયું છે. આવું ના કરાય. એમની માફી માંગી લેજે ને.' બ્રહ્મચારી ભાઈએ કહ્યું, 'સારું નીરુમા. મને કોઈ પ્રોબ્લેમ નથી. મને એવો વિચાર જ નહોતો આવ્યો કે એમને આટલું દુઃખ થયું હશે. છતાં થઈ ગયું છે તો માફી માંગી લઈશ.'

પછી દર થોડા દિવસ નીરુમાએ બ્રહ્મચારી ભાઈને પૂછે કે 'તે કાકાની માફી માંગી ?' બ્રહ્મચારી ભાઈ કહે, 'નીરુમા, મને કાકા ક્યાંય મળતાં નથી, મળે તો માફી માંગુ. તમે આજે જો ઉપર રૂમમાં બોલાવોને તો હમણાં હું માફી માંગી લઉં. બાકી મને કંઈ દુઃખ છે જ નહીં. મને એમના માટે વિચારેય નથી આવતા. મને જ્યારે મળશે ત્યારે હું માફી માંગી લઈશ.' આમ બ્રહ્મચારી ભાઈને અંદર સૂક્ષ્મ રીતે અહંકાર ઊભો થયો કે હું સામેથી નહીં જઉં. એ નીરુમાને કહે, 'તમે એને બોલાવો, પછી મને બોલાવો અને પછી

હું માફી માંગી લઉં. પણ ડાયરેક્ટ સામેથી કેવી રીતે જાઉં ? તમે બધાની વચ્ચે માફી માંગી લેવાનું કહેશો તો એમ માંગી લઈશ, એક જ મિનિટમાં. મને કંઈ દુઃખ છે જ નહીં.

ત્યારે નીરુમાએ એકદમ કરુણાથી કહ્યું, 'તારા દુઃખ માટે નહીં પણ એનું દુઃખ પૂરું થાય ને એટલે માફી માંગ. હવે એને જ્યાં સુધી આ ક્લિયર નહીં થાયને ત્યાં સુધી એમનો અહીં સત્સંગમાં આવવા માટે પગ ભારે રહેશે. કારણ કે તારા નિમિત્તે થયું એટલે એનો પગ અહીં ભારે થઈ જાય. એટલે એ આવી ના શકે અને એને ઘરે બેઠા બેઠા આ જ વિચારો આવ્યા કરે. દુઃખી થયા કરે. આપણા દુઃખ માટે નહીં તોય સામાનું દુઃખ પૂરું થાયને એટલા માટે ય નીરુમા માફી માંગી લે, કે તારું દુઃખ તો પૂરું થયું. મને ભલે કંઈ નથી. એમ કરીને તું માફી તો માંગી લે. બિચારાને પૂરું થાય તો પાછું એનું બધું સત્સંગ ચાલુ થઈ જાય. આ તો કેટલા બોજામાં રહ્યા કરે ! ભોગવટા રહ્યા કરે. એ ભોગવટામાંથી નીકળી જાય ને એટલે આપણે માફી માંગી લેવાની.' એમનો ભોગવટો નીરુમાને દેખાયો. નીરુમાને સહન ના થાય.

આ સાંભળી બ્રહ્મચારી ભાઈએ તરત કહ્યું, 'નીરુમા આ તો મને ખબર જ નહોતી. હું હમણા જ માફી માંગી લઉં છું.' તપાસ કરી તો કાકા નીચે જ હતા. નીરુમાએ કાકાને ઉપર બોલાવ્યા પછી બ્રહ્મચારી ભાઈને પણ બોલાવ્યો. બ્રહ્મચારી ભાઈ તો સીધો જ જઈને કાકાના પગમાં પડી ગયો, કારણ કે કેટલાય દિવસથી એ 'મને મળ્યાં જ નથી, હું મારી રીતે એની મેળે આવશે ત્યારે માફી માંગી લઈશ, મેં કંઈ એમને દુઃખ આપ્યું જ

"આપણા દુઃખ માટે નહીં પણ સામાના દુઃખ પૂરાં થાય એટલા માટે ય તમે એડજસ્ટમેન્ટ લો"

નથી.' એવું જ કહેતો હતો અને માનતો પણ હતો. નીરુમાએ જ્યારે આ દૃષ્ટિ આપી કે ભઈ એનો પગ ભારે થઈ ગયો હશે. એમનું દુઃખ પૂરું થાય માટે માફી માંગવાની છે. આ પછી બ્રહ્મચારી ભાઈની અંદર આખું પરિવર્તન જ થઈ ગયું. અને એને એમ થયું કે ના, કાકાનું દુઃખ પુરું થવું જોઈએ. આવું ના ચાલે. આવી નાનકડી વાતમાં આવું થઈ ગયું. એમ કરી એણે કહ્યું, 'કાકા, તમને કંઈ દુઃખ થઈ ગયું હોય તો માફી માંગું છું.' આ જોઈ કાકા તો એટલા બધા નમી પડ્યા કે, 'ના, ના કોઈ દુઃખ જ નથી. તું તો મારા દીકરા જેવો છે. શું દુઃખ હોય ? આપણે કાંઈ દુઃખ હોય ?' આમ કહેતાં બન્નેના આંખમાં આંસુ આવી ગયા. બ્રહ્મચારી ભાઈની આંખમાં પણ પાણી આવી ગયાં. પછી એ દિવસથી ક્યારેય એ બ્રહ્મચારી ભાઈને કાકા સાથે ભેદ પડ્યો નથી.

આમ કોઈને જો આપણા નિમિત્તે દુઃખ રહેતું હોય તો નીરુમા કહેતા કે 'આપણા દુઃખ માટે નહીં પણ સામાના દુઃખ પૂરાં થાય એટલા માટે ય તમે એડજસ્ટમેન્ટ લો'.

પઝલના જવાબો

૧

					૨૯
૪	૮	૨	૨	૮	૨૪
૫	૮	૫	૩	૪	૨૫
૨	૩	૪	૩	૪	૧૬
૫	૬	૭	૨	૨	૨૨
૮	૬	૩	૪	૨	૨૩
૨૪	૩૧	૨૧	૧૪	૨૦	૨૦

૨



૩



તમારી જાતને ચકાસી જુઓ !

પ્રસંગ-૧ - ૩, પ્રસંગ-૨ - ૨, પ્રસંગ-૩ - ૩

મારી સમજણ

તમારા પપ્પાએ તમને નવી સાયકલ અપાવવાનું પ્રોમિસ આપ્યું છે. એક અઠવાડિયું થઈ ગયું, હજી તેઓ નવી સાયકલ લાવ્યા નથી. તમે એમને રોજ યાદ દેવડાવો છો અને રોજ તેઓ 'હા' પણ પાડે છે. હવે તમારી ધીરજ ખૂટી ગઈ છે. અંદરથી તમને અકળામણ શરુ થઈ ગઈ છે. પપ્પા માટે અંદરથી ગુસ્સો આવવા લાગ્યો છે. આવા વખતે તમે કઈ સમજણથી કામ લેશો?

ગયા અંકની કલમ મારી સમજણનો પ્રતિભાવ

આપણે દાદા ભગવાનને પ્રાથના કરવાની કે, 'હે દાદા ભગવાન હું એકલો છું. તો મને ડર ન લાગે એવી મને પરમશક્તિ આપો.' આપણે ૧૦ મિનિટ 'દાદા ભગવાનના અસીમજય જયકાર હો' બોલીએ તો આપણો ડર ઊડી જાય.આપણે 'દાદા ભગવાન'નું નામલઈને જઈએ તો આપણને ડર ન લાગે. આપણે આ બોલતા બોલતા જઈએ કે 'હું અનંત શક્તિવાળો છું' તો આપણને ડર ન લાગે. આપણે આખો બંધ કરીને 'દાદા ભગવાન'ને જોઈએ તો ડર ન લાગે.

પાર્થ કિશોરભાઈ ખૂંટ, સીમંધર સીટી,
ઉંમર :- ૯ વર્ષ

બેબી, લીટલ અને યંગ એમ.એચ.ટી ની સીમંધરસીટીમાં થયેલી વાર્ષિક મિટીંગની ઝલક

૨૦-૧૦-૨૦૦૯ના રોજ સીમંધર સીટીમાં ૩ થી ૬ વર્ષની ઉંમરના રાજકોટ, અમદાવાદ અને સીમંધર સીટીના બેબી મહાત્માઓ વાર્ષિક મિટીંગ માટે ભેગા થયા હતા. બેબી મહાત્માઓ અને તેમના મમ્મી-પપ્પાને એકબીજા સાથે મળવાનો આ સરસ અવસર મળ્યો હતો. તેઓએ પાછળના સેશન જેવા કે વાર્તાઓ, મગજ કસતી રમતો અને આનંદ દાયક પિકનીક યાદ કરીને સારો ટાઈમ ગાળ્યો.

તેઓને ''જીવનમાં માતાપિતાનું મહત્ત્વ'' વિશે જ્ઞાન અપાયું. અને તેઓએ તેમના મમ્મી પપ્પા માટે કાર્ડ બનાવ્યા. તેઓ વિવિધ રમતો રમ્યા તેમજ પ્રવૃત્તિઓમાં પણ ભાગ લીધો જેમાં તેઓ સૂચનાઓનો અમલ કરતાં શીખ્યા. આ પ્રવૃત્તિઓમાં જુદી જુદી ઊંચાઈ પર દોરડા બાંધેલા હતા તે એમને બતાવ્યા. પછી તેમની આંખો બંધ કરી અને તેમને દોરડા કૂદવા કહ્યુ, પણ દોરડા પહેલેથી ખસેડી લેવામાં આવ્યા હતા.

બાળકોને વાત્સલ્યમાં પૂજ્યશ્રીના દર્શનનો લાભ મળ્યો અને તેમણે સવાલો પૂછીને પૂજ્યશ્રી પાસેથી સંતોષકાર જવાબ મેળવ્યા.

વાર્ષિક મિટીંગનો હેતુ માતાપિતા માટે એ હતો કે બાળપણમાં બાળકોના સવાલોનો જવાબ કઈ રીતે આપવો કે જેથી એ લોકો જવાબ સ્વીકારી લે અને બેબી મહાત્માઓ માટે તો આ ઘણો જ આનંદદાયક મોકો હતો.

તેવી જ રીતે ૨૦ અને ૨૧ ઓક્ટોબર-૨૦૦૯ના રોજ સીમંધરસીટીમાં ૭ થી ૧૨ વર્ષના ગુજરાતભરના લીટલ મહાત્માઓ વાર્ષિક મિટીંગ માટે મળ્યા હતા. આ બે દિવસની મિટીંગમાં વાતાવરણ ઉત્સાહ અને ઉમંગથી ભરાઈ ગયું હતું. બધા બાળકો જુદા જુદા સેન્ટરમાં નિયમિત સેશન ભરીને જાણવા માટે ઉત્સુક હતા કે વાર્ષિક મિંટીગમાં શું હશે ? બોમ્બે, બરોડા, આણંદ, રાજકોટ, ગાંધીધામ, અમદાવાદ, સુરત, ભરૂચથી ૧૭૫ લીટલ

મહાત્માઓએ ભાગ લીધો હતો.

લીટલ મહાત્માઓને વાર્તા સાંભળવામાં, ટ્રેઝર હંટમાં જોડાવામાં, ટીમ વર્કનું મહત્ત્વ દર્શાવતી કવીઝમાં, અને સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેવામાં ઘણી મજા આવી. પૂજ્યશ્રી સાથે થયેલી સેશન અને તેમના દર્શનથી તેઓ ખૂબ જ ખુશ થયા હતાં.

તેમને એક સેશનમાં દાદાની 'એડજસ્ટ એવરીવ્હેર'ની સમજણ કેળવવા વાર્તા તથા પ્રેઝન્ટેશન

Akram Express

December 2009
Year : 2, Issue : 4
Conti. Issue No.: 16

BALVIGNAN

RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/09-11
valid up to 31-12-2011
LPWP Licence No. CPMG/GJ/27/2009-2011
valid up to 31-12-2011
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

બતાવવામાં આવ્યું.

આ વાર્ષિક મિટિંગનો હેતુ લીટલ મહાત્માઓ એક બીજાને ઓળખે અને દાદાના જ્ઞાનને જુદા જુદા સેશન દ્વારા ઊંડાણથી સમજે એ જ હતો.

યંગ એમ.એચ.ટી બહેનો માટે સીમંધર સીટીમાં ૨૪ અને ૨૫ ઓક્ટોબર-૨૦૦૯ આ બે દિવસની શિબિર ગોઠવાઈ હતી. જેમાં ૨૦૦ જેટલી બહેનો સીમંધર સીટી, અમદાવાદ, મુંબઈ, બરોડા, સુરત, રાજકોટ, સુરેન્દ્રનગર અને ભાવનગરથી ભાગ લેવા આવેલ.

શિબિરનો મુખ્ય હેતુ તેમની વ્યક્તિગત અને આધ્યાત્મિક પ્રગતિ થાય એ જ હતો. ‘‘મિત્રતા અને મિત્રો’’ આ ટોપીક પરથી તેમના જીવનને લાગતા મુદ્દાઓ ક્વર કર્યા હતા.

તેઓ માટે વિવિધ રમતો અને નાટક રાખ્યું હતું જેમાં તેમને મિત્રોની પસંદગી તેમની ગુણવતા જોઈને

કરવી કે બહારનો દેખાવ જોઈને, એ સમજાવ્યું. આપ્તપુત્રી બહેનોએ આ ટોપીકને લઈને તેમની સાથે વાતચીત અને ગ્રુપ ડીસકશન કર્યુ.

તેમને પૂજ્યશ્રીના દર્શન કરવાની અને સત્સંગની અમૂલ્ય તક મળી.

તેઓ મંદીરમાં પ્રક્ષાલ-પૂજામાં જોડાયા. ત્યારબાદ નીરુમા અને દીપકભાઈની ‘સવળી દૃષ્ટિ’, ‘માતા-મિત્ર તરીકે’, ‘પૈસા અને મિત્ર’, ‘કુસંગ’, ‘આર્ય સંસ્કાર’-આ બધા ટોપીક પર બનાવેલ સ્પેશીયલ વી.સી.ડી કલીપ બતાવી. તેમણે આ બધું ધ્યાનથી જોયું અને ત્યાર બાદ મિત્રો સાથે થતા

પ્રોબ્લેમને કઈ રીતે સોલ્વ કરવા એના માટે રાખેલ ગ્રુપ ડીસકશનમાં પણ ભાગ લીધો.

તેમણે તેમના મત રજુ કર્યા કે યંગ એમ.એચ.ટીમાંથી તેઓ શું શીખ્યા તેમજ દાદાની થીમ વિષે પેઈન્ટીંગ કરવાનો મોકો મળ્યો.

‘દાદાઈ દીકરી-૨૦૦૯’ આ રમત શિબિરની સરપ્રાઈઝ રમત હતી. એમાં આગળ થયેલી સેશનોમાંથી અમુક પ્રશ્નો તથા સામાન્ય જ્ઞાનના પ્રશ્નો પૂછવામાં આવ્યા. જાણે વાસ્તવિક હરીફાઈમાં ભાગ લેતા હોય એવું બધાને લાગ્યું. અને છેલ્લે બધાને પ્રિય એવા ભક્તિ-ગરબા સાથે શિબિરની પૂર્ણાહુતિ થઈ.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - શ્રી ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.